ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૧ તા. ૩૦.૦૩.૨૦૧૯

-----------

# આજરોજ ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહે ગાંધીનગર લોકસભા બેઠક પર નામાંકન દાખલ કર્યુ

-----------

## રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહના ભવ્યાતિભવ્ય રોડ-શોમાં કેન્દ્રીય મંત્રીશ્રીઓ તથા એનડીએના નેતાઓ જોડાયા

-----------

પંજાબના પૂર્વમુખ્યમંત્રી શ્રી પ્રકાશસિંહ બાદલ, શીવસેનાના અધ્યક્ષશ્રી ઉધ્ધવ ઠાકરેજી,
કેન્દ્રીય મંત્રીશ્રી રામવિલાસ પાસવાનજી ઉપસ્થિત રહ્યા

-----------

કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી રાજનાથસિંહજી, કેબીનેટ મંત્રીશ્રીઓ શ્રી અરૂણ જેટલીજી, શ્રી નીતિન ગડકરીજી,
શ્રી પીયુષ ગોયલજી, કેન્દ્રીય મંત્રીશ્રીઓ શ્રી પરશોત્તમભાઇ રૂપાલા અને શ્રી મનસુખભાઇ માંડવીયા ઉપસ્થિત રહ્યા

-----------

રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને લોકસભા ચૂંટણી પ્રભારીશ્રી ઓમજી માથુર, રાષ્ટ્રીય મહાસચિવશ્રી ભૂપેન્દ્રજી યાદવ,
પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી, ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ,
ગુજરાત સરકારના મંત્રીશ્રીઓ તથા ધારાસભ્યશ્રીઓ સહિત મહાનુભાવોની વિશેષ ઉપસ્થિતિ

-----------

આગામી લોકસભા ચૂંટણીનો મુખ્ય મુદ્દો માત્ર એક જ છે કે દેશનું નેતૃત્વ કરવા કોણ સક્ષમ છે ?
ગુજરાત થી આસામ સુધી અને કાશ્મીરથી કન્યાકુમારી સુધી દેશની જનતાએ નક્કી કરી લીધુ છે કે
તેઓ પ્રધાનમંત્રી તરીકે માત્રને માત્ર શ્રી નરેન્દ્રભાઇ મોદીને જોવા ઇચ્છે છે – શ્રી અમિતભાઇ શાહ

-----------

શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વવાળી કેન્દ્રની એનડીએ આજે દેશની સુરક્ષા અને સલામતિ માટે સંપૂર્ણપણે કટિબધ્ધ છે.
– શ્રી અમિતભાઇ શાહ

-----------

હું જે કાંઇ છું તે ભાજપા થકી છું, મારા જીવનમાંથી ભાજપાને બાદ કરીએ તો માત્ર જ 'શુન્ય' વધે.
– શ્રી અમિતભાઇ શાહ

-----------

આઝાદીના ૭૦ વર્ષ પછી દેશને એક એવા પ્રધાનમંત્રી મળ્યા છે જે દેશની ગરીબ જનતાના જીવનસ્તરને ઉંચુ લાવવા માટે
દિવસરાત અથાગ પરિશ્રમ કરી રહ્યા છે – શ્રી અમિતભાઇ શાહ

-----------

ભૂતકાળમાં જ્યારે ગાંધીનગર લોકસભા બેઠક પરથી પૂર્વ પ્રધાનમંત્રીશ્રી અટલ બિહારી બાજપાઇજી,
ભાજપાના વરિષ્ઠ નેતા શ્રી લાલકૃષ્ણ અડવાણીજી જેવા નેતાઓએ પ્રતિનિધિત્વ કરેલ હોય ત્યારે મારું સૌભાગ્ય છે કે,
મને ગાંધીનગરથી ચૂંટણી લડવાની તક મળી છે. હું શ્રી અટલજી અને શ્રી અડવાણીજીના વારસાને વિનમ્રતા અને પરિશ્રમની
પરાકાષ્ઠા સર્જીને આગળ ધપાવીશ - શ્રી અમિતભાઇ શાહ

-----------

..૨..

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



-------------

કોંગ્રેસ કહે છે કે દેશનો ચોકીદાર ચોર છે,
પરંતુ દેશનો ચોકીદાર તો 'પ્યોર' (પ્રામાણિક) છે, તેનું પ્રધાનમંત્રી બનવું 'સ્યોર' (નક્કી) છે અને
આ ચોકીદાર જ દેશની તમામ સમસ્થાઓનું 'ક્યોર' (નિવારણ) છે
- શ્રી રાજનાથસિંહજી

-----------

શ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકાર જાતિ, ધર્મ, પ્રાંત કે ભાષાના કોઇપણ ભેદભાવ વગર
"સૌનો સાથ સૌનો વિકાસ"ના મંત્ર સાથે જનકલ્યાણના કાર્યો કરી રહી છે. - શ્રી નીતિન ગડકરીજી

-----------

ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઇ શાહ માત્ર વ્યક્તિ જ નહીં પરંતુ એક સંસ્થા છે, તેમનું જીવન લાઇટહાઉસ સમાન છે
જે કાર્યકર્તાઓને અવિરતપણે પ્રેરણાસ્ત્રોત પૂરો પાડવાનું કાર્ય કરે છે
- શ્રી પ્રકાશસિંહ બાદલ

-----------

મહાગઠબંધનના નામે દેશમાં જુઠ્ઠાણા ફેલાવતા રાજકીય પક્ષો જરા તેમના પ્રધાનમંત્રી પદના ઉમેદવાર તો જણાવે ?
- શ્રી ઉધ્ધવ ઠાકરેજી

-----------

દેશના પ્રધાનમંત્રી અને ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ બન્ને ગુજરાતી હોય ત્યારે
આવનારી લોકસભા ચૂંટણીમાં ગુજરાતમાં તમામ ૨૬ લોકસભા બેઠકો પર વિજય અપાવવાની
ગુજરાતની જનતાની સવિશેષ જવાબદારી બને છે - શ્રી વિજયભાઇ રૂપાણી

-----------

સક્ષમ, સમૃધ્ધ અને સબળ રાષ્ટ્રના નિર્માણ અર્થે તેમજ મહાત્મા ગાંધી અને શ્રી સરદાર વલ્લભભાઇ પટેલની ભૂમિનું ગૌરવ
વધારવા ગુજરાતમાંથી તમામ ૨૬ કમળ મોકલી શ્રી નરેન્દ્રભાઇ મોદીને ફરીથી વડાપ્રધાન બનાવવા
આપણે સૌ સંકલ્પબધ્ધ બનીએ. - શ્રી જીતુભાઇ વાઘાણી

-----------

રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહે આજરોજ ગાંધીનગર લોકસભા બેઠક પર ઉમેદવાર તરીકે નામાંકન પત્ર ભર્યુ હતુ. તે પૂર્વે તેમના નારણપૂરા ખાતે આવેલ શ્રી સરદાર વલ્લભભાઇ પટેલની પ્રતિમાને ફૂલહાર કરી નમન કર્યા હતા. ત્યારબાદ કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી રાજનાથસિંહજી, કેબીનેટ મંત્રીશ્રી અરૂણ જેટલીજી, કેબીનેટ મંત્રીશ્રી નીતિન ગડકરીજી, કેબીનેટ મંત્રીશ્રી પીયુષ ગોયલજી, કેન્દ્રીય મંત્રીશ્રી રામવિલાસ પાસવાનજી, શીવસેનાના અધ્યક્ષશ્રી ઉધ્ધવ ઠાકરેજી, પંજાબના પૂર્વમુખ્યમંત્રી શ્રી પ્રકાશસિંહ બાદલ, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને લોકસભા ચૂંટણી પ્રભારીશ્રી ઓમજી માથુર, રાષ્ટ્રીય મહાસચિવશ્રી ભૂપેન્દ્રજી યાદવ, પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી, ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ, કેન્દ્રીય મંત્રીશ્રીઓ શ્રી પરશોત્તમભાઇ રૂપાલા અને શ્રી મનસુખભાઇ માંડવીયા સહિત મહાનુભાવોની વિશેષ ઉપસ્થિતિમાં વિજય સંકલ્પ સભા યોજાઇ હતી. ત્યારબાદ શ્રી સરદાર વલ્લભભાઇ પટેલની પ્રતિમા સ્થળેથી પલ્લવ ચાર રસ્તા - શાસ્ત્રીનગર - પ્રભાત ચોક થઇ પાટીદાર ચોક સુધી આશરે ૪ કિલોમીટર સુધીનો ભવ્યાતિભવ્ય રોડ-શો યોજાયો હતો.

સમગ્ર રોડ-શો દરમ્યાન હજારોની સંખ્યામાં ઉપસ્થિત કાર્યકર્તા ભાઇઓ-બહેનોએ પુષ્પવર્ષા કરી શ્રી અમિતભાઇ શાહનું સ્વાગત અને અભિવાદન કર્યુ હતુ. ભારત માતા કી જય અને વંદે માતરમ્ ના નાદથી સમગ્ર વાતાવરણ રાષ્ટ્રભક્તિમય બન્યુ હતુ. રસ્તાની બંને બાજુ લોકો શ્રી અમિતભાઇ શાહનું અભિવાદન કરવા માટે સ્વયંભૂ ઉમટી પડ્યા હતા.

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




આ રોડ-શોના સમાપન બાદ શ્રી અમિતભાઇ શાહ ગાંધીનગર મુકામે પહોંચ્યો હતા, જ્યાં સેક્ટર-૬/૭ના બસસ્ટેન્ડથી પથિકાશ્રમ સુધી મોટી સંખ્યામાં ઉપસ્થિત ભાજપાના કાર્યકરોએ માનવ સાંકળનું નિર્માણ કરી શ્રી અમિતભાઇ શાહને વધાવ્યા હતા. આવા ઉત્સાહજનક વાતાવરણમાં રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઇ શાહ જ્વલંત વિજયના સંકલ્પ સાથે કલેક્ટર કચેરી ખાતે નામાંકન દાખલ કર્યુ હતુ.

આ વિજય સંકલ્પ સભામાં ઉપસ્થિત વિશાળ જનમેદનીને સંબોધતા રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહે જણાવ્યુ હતુ કે, ગાંધીનગર લોકસભા બેઠક પર ચૂંટણી લડવાની તક આપવા બદલ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી અને ભાજપાના શિર્ષસ્થ નેતૃત્વના આભારી છું. આ જ લોકસભા વિસ્તારના નારણપૂરા વોર્ડના ભાજપાના કાર્યકર તરીકે જનસેવાની શરૂઆત કરી હતી અને આજે ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે આજ લોકસભા ક્ષેત્રમાંથી ઉમેદવારી નોંધાવવી તે મારા માટે ખૂબ જ આનંદ અને હર્ષની વાત છે. હું જે કાંઇ છું તે ભાજપા થકી છું, મારા જીવનમાંથી ભાજપાને બાદ કરીએ તો માત્ર જ ‘શુન્ય’ વધે.

શ્રી શાહે જણાવ્યુ હતુ કે, ભૂતકાળમાં જ્યારે ગાંધીનગર લોકસભા બેઠક પરથી પૂર્વ પ્રધાનમંત્રીશ્રી અટલ બિહારી બાજપાઇજી, ભાજપાના વરિષ્ઠ નેતા શ્રી લાલકૃષ્ણ અડવાણીજી જેવા નેતાઓએ પ્રતિનિધિત્વ કરેલ હોય ત્યારે મારું સૌભાગ્ય છે કે, મને ગાંધીનગરથી ચૂંટણી લડવાની તક મળી છે. હું શ્રી અટલજી અને શ્રી અડવાણીજીના વારસાને વિનમ્રતા અને પરિશ્રમની પરાકાષ્ઠા સર્જીને આગળ ધપાવતો રહીશ.

શ્રી શાહે આગામી લોકસભા ચૂંટણી અંતર્ગત જણાવ્યુ હતુ કે, આગામી લોકસભા ચૂંટણીનો મુખ્ય મુદ્દો માત્ર એક જ છે કે દેશનું નેતૃત્વ કરવા કોણ સક્ષમ છે ? ગુજરાત થી આસામ સુધી અને કાશ્મીરથી કન્યાકુમારી સુધી દેશની જનતાએ નક્કી કરી લીધુ છે કે તેઓ પ્રધાનમંત્રી તરીકે માત્રને માત્ર શ્રી નરેન્દ્રભાઇ મોદીને જોવા ઇચ્છે છે.

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીનો ઉલ્લેખ કરતા શ્રી શાહે જણાવ્યુ હતુ કે, ગુજરાતના મુખ્યમંત્રીશ્રી તરીકે જવાબદારી સંભાળ્યા પૂવે શ્રી નરેન્દ્રભાઇ મોદી ગામના સરપંચની ચૂંટણી પણ લડ્યા નહોતા અને આજે તેઓ દેશની ૧૩૦ કરોડ જનતા લાડીલા બની ચૂક્યા છે. આઝાદીના ૭૦ વર્ષ પછી દેશને એક એવા પ્રધાનમંત્રી મળ્યા છે જે દેશની ગરીબ જનતાના જીવનસ્તરને ઉંચુ લાવવા માટે દિવસરાત અથાગ પરિશ્રમ કરી રહ્યા છે જે સમગ્ર દેશ આજે નિહાળી રહ્યો છે. શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વવાળી કેન્દ્રની એનડીએ આજે દેશની સુરક્ષા અને સલામતિ માટે સંપૂર્ણપણે કટિબધ્ધ છે.

વિજય સંકલ્પ સભાના મંચ પરથી શ્રી શાહે ગુજરાતની જનતાને ૨૬માંથી ૨૬ લોકસભા બેઠક ગુજરાતના પનોતાપુત્ર શ્રી નરેન્દ્રભાઇ મોદીને ભેટ સ્વરૂપે આપવા અપીલ કરી હતી. શ્રી શાહે તેમના વક્તવ્યના અંતમાં ગાંધીનગર લોકસભા મતક્ષેત્રમાં ઉપસ્થિત જનમેદનીનો આભાર માન્યો હતો અને જણાવ્યુ હતુ કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વવાળી કેન્દ્રની એનડીએ સરકાર અને મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલની રાજ્ય સરકારમાં ગાંધીનગર લોકસભા ક્ષેત્રનો વિકાસ અવિરતપણે ચાલુ રહેશે.

કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી રાજનાથસિંહે જણાવ્યુ હતુ કે, કોંગ્રેસ એવા નારા લગાવે છે કે દેશનો ચોકીદાર ચોર છે પરંતુ દેશનો ચોકીદાર તો ‘પ્યોર’ (પ્રામાણિક) છે, તેનું પ્રધાનમંત્રી બનવું ‘સ્યોર’ (નક્કી) છે અને આ ચોકીદાર જ દેશની તમામ સમસ્થાઓનું ‘ક્યોર’ (નિવારણ) છે. ૨૦૧૪ની લોકસભા ચૂંટણી બાદ દેશમાં સૌ પ્રથમવાર સંપૂર્ણ બહુમતવાળી બિનકોંગ્રેસી સરકાર બની હતી. ત્યારબાદથી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સતત દેશને વિશ્વગુરુના સ્થાને પહોંચાડવા માટે કાર્યરત છે. આજે દેશ વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતો એકમાત્ર દેશ બન્યો છે.

તેઓએ રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહને ભાજપાના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણીજીના ઉત્તરાધીકારી ગણાવ્યા હતા અને ગાંધીનગર લોકસભા મતક્ષેત્રના તમામ મતદારોને રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહને જંગી બહુમતિ સાથે વિજય અપાવવા માટે અપીલ કરી હતી.

પંજાબના પૂર્વ મુખ્યમંત્રીશ્રી પ્રકાશસિંહ બાદલે જણાવ્યુ હતુ કે, ગુજરાતની જનતા ખૂબજ નસીબદાર છે કે, દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી અને દુનિયાની સૌથી મોટી પાર્ટી ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહ બંને ગુજરાતના પનોતાપુત્રો છે. શ્રી અમિતભાઇ શાહની પ્રસંશા કરતાં તેઓએ જણાવ્યુ હતુ કે, શ્રી શાહ માત્ર વ્યક્તિ જ નહીં પરંતુ એક સંસ્થા છે,

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




તેમનું જીવન લાઈટહાઉસ સમાન છે જે કાર્યકર્તાઓને અવિરતપણે પ્રેરણાસ્ત્રોત પૂરો પાડવાનું કાર્ય કરે છે. ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં વિજય મેળવવામાં પણ શ્રી અમિતભાઈ શાહનો સિંહફાળો રહ્યો હતો. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી પછી વિજયનો શ્રેય જો કોઈને જતો હોય તો તે ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહને જાય છે.

કેન્દ્રીય મંત્રી શ્રી નીતિન ગડકરીજીએ રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહને ગાંધીનગર લોકસભા બેઠક પરથી ઉમેદવારી નોંધાવવા બદલ શુભેચ્છા પાઠવી હતી અને જણાવ્યુ હતુ કે, છેલ્લા ૫ વર્ષમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગાંવ, ગરીબ અને કિસાનને ધ્યાનમાં રાખીને નીતિઓ બનાવી અને દેશ સુખી-સંપન્ન -સમૃધ્ધ અને શક્તિશાળી બને તે દિશામાં કાર્યો કર્યા છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકાર જાતિ, ધર્મ, પ્રાંત કે ભાષાના કોઈપણ ભેદભાવ વગર ''સૌનો સાથ સૌનો વિકાસ''ના મંત્ર સાથે જનકલ્યાણના કાર્યો કરી રહી છે. નોર્થ-ઈસ્ટ, પશ્ચિમ બંગાળ તેમજ દક્ષિણ ભારતના અન્ય રાજ્યોમાં ભાજપાનું સંગઠન મજબૂત કરવાનો શ્રેય શ્રી અમિતભાઈ શાહને જાય છે. શ્રી અમિતભાઈ શાહનું ગુજરાતના ભૂમિપુત્રના રૂપમાં દેશ માટે જે યોગદાન આપ્યું છે તે જોતા લાગે છે કે, તેઓ રેકોર્ડબ્રેક મતોથી ગાંધીનગર લોકસભા બેઠક પરથી વિજયી થશે. ૨૦૧૯ની ચૂંટણીમાં પણ શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં એનડીએની સરકાર બનશે તેમ શ્રી ગડકરીજીએ વિશ્વાસ વ્યકત કર્યો હતો.

શીવસેનાના અધ્યક્ષશ્રી ઉધ્ધવ ઠાકરેજીએ જણાવ્યુ હતુ કે, ભારતની એકતા અને અખંડિતતા માટે ભાજપા અને શીવસેનાની વિચારધારા એકસમાન છે અને આ વિચારધારા માટે ભૂતકાળમાં પણ શીવસેના અને ભાજપા સાથે હતા અને ભવિષ્યમાં પણ સાથે જ રહીશુ. આગામી લોકસભા ચૂંટણીમાં એનડીએના પ્રધાનમંત્રી પદના ઉમેદવાર કોણ છે તે સ્પષ્ટ છે. મહાગઠબંધનના નામે દેશમાં જુઠ્ઠાણા ફેલાવતા રાજકીય પક્ષો જરા તેમના પ્રધાનમંત્રી પદના ઉમેદવાર તો જણાવે ? વાસ્તવમાં વિપક્ષ પાસે દેશ માટે ન તો કોઈ નિતી છે કે ન તો કોઈ નેતા છે. અંતમાં શ્રી ઠાકરેએ જણાવ્યુ હતુ કે, ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં એનડીએની સરકાર બનશે તે નિશ્ચિત છે અને ગાંધીનગર લોકસભા બેઠક પરથી શ્રી અમિતભાઈ શાહ જંગી બહુમતીથી વિજયી બને તેવી શુભકામનાઓ પાઠવી હતી.

શ્રી રામ વિલાસ પાસવાનજીએ નિવેદન આપતા જણાવ્યુ હતુ કે, શ્રી અમિત શાહ દેશના મહાન નેતા છે. ગાંધીનગર લોકસભા વિસ્તારના મતદારો તેમને પ્રચંડ જીત અપાવશે. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં એનડીએ ૨૦૧૪ કરતા વધારે બેઠકો સાથે જીતશે. ''સૌના સાથ સૌના વિકાસ''ના મંત્ર સાથે અમે એક થઈને આગળ વધીશું. આ ચૂંટણી બાદ આખા દેશમાં કોંગ્રેસનું નામોનિશાન નહી રહે. દેશની જનતા શ્રી નરેન્દ્રભાઈ મોદીને પુનઃ પ્રધાનમંત્રી બનાવવા માટે જંગી મતદાન કરશે.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહને ખાતરી આપતા જણાવ્યુ હતુ કે, ગુજરાતની જનતા તેમને પ્રચંડ બહુમતથી વિજય અપાવશે તે વાત નિશ્ચિત જ છે. શ્રી રૂપાણીએ જણાવ્યુ હતુ કે, દેશના પ્રધાનમંત્રી અને ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ બન્ને ગુજરાતી હોય ત્યારે આવનારી લોકસભા ચૂંટણીમાં ગુજરાતમાં તમામ ૨૬ લોકસભા બેઠકો પર વિજય અપાવવાની ગુજરાતની જનતાની સવિશેષ જવાબદારી બને છે. દેશના ગરીબ, પીડિત અને શોષિત નાગરિકોના કલ્યાણ માટે દેશની જનતાએ શ્રી નરેન્દ્રભાઈ મોદીને પુનઃપ્રધાનમંત્રી બનાવવાનું મન બનાવી લીધુ છે.

''ભારતમાતા કી જય''ના નારા સાથે ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, તેઓ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી, કેન્દ્રીય પાર્લામેન્ટ્રી બોર્ડ અને શ્રી અમિતભાઈ શાહનો વિશેષ આભાર માને છે કે, ભાજપા ગુજરાત પ્રદેશની વિનંતીને માન્ય રાખી રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહની ગાંધીનગર લોકસભા બેઠકના ઉમેદવાર તરીકે પસંદગી કરી, ગાંધીનગર લોકસભા બેઠક પરથી શ્રી અમિતભાઈ શાહ જંગી બહુમતિથી વિજય પ્રાપ્ત કરશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. આ ઐતિહાસિક પળે ગુજરાતની જનતાને અપીલ કરતા શ્રી વાઘાણીએ જણાવ્યુ હતુ કે, સક્ષમ, સમૃધ્ધ અને સબળ રાષ્ટ્રના નિર્માણ અર્થે તેમજ મહાત્મા ગાંધી અને શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ ની ભૂમિનું ગૌરવ વધારવા ગુજરાતમાંથી તમામ ૨૬ કમળ મોકલી શ્રી નરેન્દ્રભાઈ મોદીને ફરીથી વડાપ્રધાન બનાવવા આપણે સૌ સંકલ્પબધ્ધ બનીએ.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ